# સૌરાષ્ટ્ર અને કચ્છમાં અતિભારે વરસાદ

## કેશોદ, મહુવામાં ત્રણ ઇંચથી વધુ વરસાદ : વંથલીમાં પણ ધોધમાર વરસાદ ગુજરાતના ૧૧૮ તાલુકામાં જોરદાર વરસાદ : રાજકોટમાં ઘુંટણસમા પાણી

અમદાવાદ, તા. ૮

ગુજરાતમાં વરસાદી માહોલ જોરદારરીતે સક્રિય રહેતા ભારે વરસાદ જારી રહ્યો છે. આજે પણ સૌરાષ્ટ્ર અને કચ્છના મોટાભાગના વિસ્તારોમાં ભારે વરસાદ થયો હતો. અમરેલીના ખાંભામાં આઠ ઇંચથી પણ વધુ વરસાદ ખાબકી જતાં સર્વત્ર જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. અમરેલી, ભાવનગર, પોરબંદર, જૂનાગઢ સહિતના વિસ્તારોમાં અતિભારે વરસાદ પડ્યો હતો. બીજી બાજુ અનેક વિસ્તારોમાં અતિભારે વરસાદ પણ થયો હતો. જુનાગઢના કેશોદમાં ત્રણ ઇંચથી પણ વધુ વરસાદ ખાબકી ગયો છે. બીજી બાજુ જામકંડોરણામાં પણ ત્રણ ઇંચથી વધુ વરસાદ થયો છે. મહુવામાં પણ ત્રણ ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે. વંથલીમાં બે ઇંચથી વધુ વરસાદ ખાબકી ગયો છે. વેરાવળ, ભાવનગર, વંથલી, તળાળા, જુનાગઢમાં વરસાદી માહોલ અકબંધ રહ્યો છે. બીજી બાજુ કચ્છના ભુજ, નખત્રાણા, મુંદ્રા, માંડવી સહિતના વિસ્તારોમાં ભારે વરસાદ થયો છે. છેલ્લા ૨૪ કલાકના ગાળામાં રાજ્યના જુદા જુદા ભાગોમાં અનેક કુલ ૧૧૮ તાલુકાઓમાં નોંધનીય વરસાદ થઇ ચુક્યો છે. ભારે વરસાદના પરિણામ સ્વરુપે રાજકોટ સહિત મોટભાગના વિસ્તારોમાં ડેમ છલકાઈ રહ્યા છે. નર્મદા ડેમમાં પાણીની સપાટી ૧૩૬ મીટર સુધી પહોંચી ગઈ છે. હવામાન વિભાગના કહેવા મુજબ સૌરાષ્ટ્ર અને કચ્છમાં મોનસુન જોરદારરીતે સક્રિય થયેલું છે. દેવભૂમિ દ્વારકામાં અતિભારે વરસાદ થયો છે. પાટણ, મહેસાણા, વલસાડ, દાદરા નગર હવેલીમાં વરસાદ થયો છે. બીજી બાજુ જુનાગઢ, પોરબંદરમાં પણ ભારે વરસાદ થયો છે. છેલ્લા ૨૪ કલાકના ગાળામાં કચ્છના પણ મોટાભાગના વિસ્તારોમાં વરસાદ થયો છે. મોનસુન હવે બિકાનેર,જયપુર, ઝાંસી મારફતે દરિયાઈ સપાટી ઉપરથી પસાર થઈ રહ્યું છે. ગુજરાતમાં ભારે વરસાદની ચેતવણી આગામી પાંચ દિવસ માટે પણ યથાવત રાખવામાં આવી છે. સૌરાષ્ટ્રમાં અને ખાસ કરીને જુનાગઢ, અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથ જિલ્લાોમાં ભારેથી અતિ ભારે વરસાદ પડી શકે છે. દક્ષિણ ગુજરાતના નવસારી, વલસાડ, દમણ દાદરાનગર હવેલીમાં પણ ભારેથી અતિભારે વરસાદ થઈ શકે છે. બનાસકાંઠા, સાબરકાંઠા, વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરુચ, સુરત અને તાપીમાં પણ વરસાદ થઈ શકે છે. કચ્છના વિવિધ ભાગોમાં પણ વરસાદી માહોલ રહેવાની શક્યતા તંત્ર દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. આજે રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં વરસાદના લીધે વાતાવરણમાં ઠંડક રહી હતી. સુરતમાં મહત્તમ તાપમાન ૨૮.૫ અને લઘુત્તમ તાપમાન ૨૬.૧ નોંધાયું હતું જ્યારે ભારે વરસાદ વાળા વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન ૨૫ની આસપાસ રહ્યું છે જેમાં અમરેલી, પોરબંદર, મહુવાનો સમાવેશ થાય છે. ભારે વરસાદના લીધે ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસથી અતિભારે વરસાદનો દોર જારી રહ્યો છે. રાજ્યમાં હજુ સુધી ૧૦૦ ટકાથી વધુ વરસાદ ખાબકી ચુક્યો છે. ઉત્તર ગુજરાતના વિવિધ ભાગોમાં પણ વરસાદ જારી રહ્યો છે.

## પ્રાંતિજના સાદોલીયા સાબરમતી નદીમાં ચાર ડૂબ્યા




પ્રાંતિજ તા.૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના સાદોલિયા નજીક ગણેશ વિસર્જન કરવા માટે આવેલ ત્રણ યુવાનો તથા એક આધેડનો પાણીમા ગરકાવ થયો.

પ્રાંતિજના સાદોલીયા પાસે આવેલ સાબરમતી નદીમાં રવિવારના રોજ સાંજના સમયે ગણેશ વિસર્જનને લઈને ગણેશની મૂર્તિ લઈને હિંમતનગરના ગઢોડા ગામે થી મૂર્તિ વિસર્જન માટે આવ્યા હતાં જે દરમ્યાન ત્રણ યુવાન પાણીમાં ડુબતા એક આધેડ બચાવવા જતાં તે પણ સાથે ડુબતા પાણી ગરકાવ થયો હતો. આ અંગેની જાણ પ્રાંતિજ ફાયર ટીમને કરાતા પ્રાંતિજ ફાયર ટીમ, પ્રાંતિજ પોલીસ તથા ૧૦૮ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી અને પાણીમાં શોધખોળ હાથ ધરી હતી પણ બે કલાકની જહેમત બાદ પણ કોઇ મળી આવ્યાં ન હતાં.

જેમા (૧) ગાડાભાઈ રાવળ જત્રાલ ઉં-૫૫ (૨) સંજયભાઈ બાબુભાઈ પટેલ ગોધરા ઉં-૧૭ (૩) સૂરજ પ્રકાશભાઈ પટેલ ગડોળા ઉં-૧૫ (૪) અજયભાઈ ઈશ્વરભાઈ રાવળ ચરાડા ઉં-૨૨ હાલ બધા રહેવાસી ગઢોડામાં ખેતીકામ કરતા હતા અને સૂરજ અભ્યાસ કરતા હતા તેવું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. હાલ સાબરમતી નદીમાં હજી પણ શોધખોળ ચાલુ છે.

## રોશનીનો ઝગમગાટ ખરો પણ ખોરડે ખોટ શૌચાલયની

### ત્રીજા ભાગના પરિવારો પાસે સંડાસ નહીં

વસ્તી ગણતરી અહેવાલના આંકડાઓના આધારે કુટુંબો પાસેની ઉપલબ્ધ ભૌતિક સંપત્તિઓના જો લેખા-જોખા માંડીએ તો કેટલીક વિગતો આશ્ચર્ય જન્માવે તેવી જોવા મળે છે. મોટાભાગે આપણે એમ માનતા હોઈએ કે જે પરિવાર પાસે ઘરમાં વીજળીની સવલત ન હોય ત્યાં ઘરમાં શૌચાલય ના હોય પણ જો આંકડાઓ તપાસીએ તો ખબર પડે કે માન્યતા એ ધારણ છે એ ખોટી પણ પડે. અલબત્ત અહીં ધારણા ખોટી પડે છે એમાં સંભાવનાનો સિદ્ધાંત લાગુ પડતો નથી પરંતુ ધારણા ખોટી પડે છે એની પાછળ સમાજજીવનમાં ભૌતિક સાધન સંપત્તિનો વિનિયોગ જવાબદાર છે. આપણે વસ્તી ગણતરી અહેવાલના આધારે ખોટી પડતી ધારણાને સમજવાનો પ્રયત્ન કરીએ.




ગાંધીનગરના કુલ ૨ લાખ ૮૭ હજાર પરિવારમાંથી ૫૮ ટકા પરિવારોને શૌચાલયની સુવિધા ઉપલબ્ધ છે. એ તમામ પરિવારોના શૌચાલયમાં વીજળીની સુવિધા પણ છે. પરંતુ ૨૪૮૨ પરિવારો એવા છે કે ઘરમાં વીજળીની સુવિધા નથી પરંતુ શૌચાલયની વ્યવસ્થા છે. ઘરમાં શૌચાલય હોય એ સારી બાબત છે પણ વીજળી ના હોય એને આપણે શું કહીશુ ? એવી જ રીતે આપણે બીજી રીતે વીજળી અને શૌચાલયના સંદર્ભમાં આ વાત ચકાસીએ તો ૯૩૮૫૫ પરિવારોને ઘરમાં વીજળીની સુવિધા છે પરંતુ શૌચાલયની વ્યવસ્થા જ નથી. ગાંધીનગર શહેર અને જિલ્લાના આ સંયુક્ત આંકડાની ટકાવારી ૩૩ ટકા થાય છે. એટલે કે દર સો કુટુંબોએ ત્રીજા ભાગના કુટુંબોના ઘરમાં વીજળી તો પહોંચી ગઈ છે પરંતુ શૌચાલય હજુ બન્યુ નથી. અલબત્ત આ આંકડાઓ ‘સ્વચ્છ ભારત’ અભિયાન શરૂ થયું એ પહેલાના છે. એટલે આમાં સુધારો ચોક્કસ થયો હશે. પરંતુ આઝાદીના આટલા વર્ષો પછી પણ જો દર દસ પરિવારે ત્રણ પરિવારોના ઘરમાં વીજળી પહોંચી હોય પરંતુ શૌચાલય જ ના હોય એ દુઃખદ છે. આરોગ્ય ક્ષેત્રમાં સરકાર અન્ય ક્ષેત્ર કરતાં સૌથી વધુ નાણાંકીય ખર્ચ કરે છે ત્યારે આરોગ્યની કાળજી માટે સૌથી અગત્યની બાબત સ્વચ્છતાની દરકાર કરવાની છે. પૂર્વ અને પશ્ચિમની જ્યારે વાત થાય ત્યારે એક બાબત સ્પષ્ટ છે પશ્ચિમી દેશોમાં સામાજિક સ્વચ્છતા એ ટોચ અગ્રતા હોય છે, એટલે વ્યક્તિ પોતે સ્વચ્છ થવાનું કદાચ ટાળે, એ નહાય નહીં, પરફ્યૂમથી ચલાવી લે. પરંતુ પૂર્વના દેશ ભારતની વાત કરીએ તો આપણે વ્યક્તિગત સ્વચ્છતામાં માનીએ છીએ. જાતને ચોખ્ખી રાખવાની. રોજ નાહવાનુ, પરંતુ સામાજિક સ્વચ્છતામાં નહીં. કચરો-ગંદકી ગમે ત્યાં કરવાની માનસિકતા વ્યક્તિગત સ્વચ્છતાની દેન છે. લાંબાગાળે એ ભારતીયોમાં સહજ બની ગઈ છે. જો ઘરમાં શૌચાલય હોય તો વ્યક્તિગત અને સામાજિક બન્ને સ્વચ્છતા જળવાઈ રહે. ઉપરાંત જે કરોડો રૂપિયા આરોગ્ય સેવામાં ખર્ચવા પડે છે એમાં પણ ખાસો ઘટાડો થાય.

‘પહેલુ સુખ તે જાતે નર્યા,’ કે ‘સ્વચ્છતામાં પ્રભુતા’ કહેવત સાચા અર્થમાં સાર્થક ત્યારે જ થાય જ્યારે સામૂહિક સામાજિક સ્વચ્છતા આપણે કેળવીએ.

## ચિલોડા-શિહોલી ગૃપ માધ્યમિક શાળા ખાતે તાલુકાકક્ષાની કબડ્ડી રમતોત્સવ યોજાયો

ચિલોડા, તા. ૮

ગાંધીનગર તાલુકાના ચિલોડા સ્થિત ચિલોડા-શિહોલી ગૃપ માધ્યમિક શાળાના પટાંગણમાં રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, અંતર્ગત સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત તથા જિલ્લા વહીવટીતંત્ર અને જિલ્લા રમતગમત અધિકારીની કચેરી અને ચિલોડા હાઈસ્કૂલના ઉપક્રમે તાલુકાકક્ષાની ભાઈઓ અને બહેનોની કબડ્ડી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં શિક્ષણવિદ્ નટુભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલ રમતોત્સવમાં કબડ્ડી ભાઈઓની સ્પર્ધામાં કુલ ૧૨૨ ટીમો સહિત ૧૫૦૦ ખેલાડીઓએ ખૂબજ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ રમતોત્સનવમાં શાળાના આચાર્ય રમેશભાઈ માકાણી, વ્યાયામ શિક્ષક પ્રિતેશભાઈ પટેલ, દિપકભાઈ શુકલ, ટીમ મેનેજરો, વ્યાયામ શિક્ષકો વગેરે ઉપસ્થિત રહી રમતવીરોને પ્રોત્સાહન પુરૂ પાડ્યુ હતુ.

## અરવલ્લી જિલ્લા આયોજન અધિકારીની વિકાસના કામોની સરપ્રાઈઝ સ્થળ મુલાકાત કરતા કોન્ટ્રાક્ટરોમાં ફફડાટ

મોડાસા, તા. ૮

અરવલ્લી જિલ્લામાં તમામ તાલુકામાં વિવિધ યોજનામાંથી થતા વિકાસના કામોનો ગુણવત્તા અને કામો ઝડપથી પૂર્ણ થાય તેમજ જિલ્લા ની જનતા ની સુખાકારી વધે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે જેના ભાગરૂપે ઓચિંતી વિઝીટ કરી તપાસ કરવું જરૂરી જણાતા જિલ્લાના આયોજન અધિકારી સુરેન્દ્રસિંહ ડાભીના સરપ્રાઈઝ મુલાકાત અભિયાનથી ભ્રષ્ટ કોન્ટ્રાક્ટરોમાં ફફડાટ ફેલાયો છે

રાજ્ય સરકાર પ્રજાજનોને સવલત અને સુખાકારી વધે તેવા શુદ્ધ ઉદ્દેશથી કરોડો રૂપિયાની ગ્રાન્ટ વિવિધ યોજનાઓમાંથી ફાળવણી કરી મંજુર કરી વિકાસના કામો કરાવતી હોઈ છે આવા સંજોગોમાં અરવલ્લી જિલ્લા નો સર્વાંગી વિકાસ થાય તે માટે જિલ્લા આયોજન મંડલ દ્વારા દર વર્ષે વિવિધ જોગવાઈ હેઠળ ખૂટતા પાયાના વિકાસના કામો જિલ્લાના દરેક તાલુકાના ગામડા માટે મંજૂર કરવામાં આવે છે અને તેનું



અમલીકરણ તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતના દ્વારા મોટા ભાગે કરવામાં આવે છે આ કામમાં ઈન્સ્પેકશન કરવામાં આવે તો કામ કરતી પંચાયત અને એજન્સીના કામોમાં ગુણવત્તા જળવાઈ રહે અને સરકાર તેમજ જનતાના રૂપિયાનો દુર્વ્યય અટકાવી શકાય છે અરવલ્લી જિલ્લા આયોજન અધિકારીની તર્કબદ્ધ રાજ્ય સરકારમાં અને વહીવટી તંત્રમાં કરવામાં આવતા.

અરવલ્લી જિલ્લામાં વિવિધ જોગવાઈ ના તમામ કામો ની મંજુરીઓ તાલુકા લેવલે આપી દીધી છે જીલ્લાના વિકાસના કામોમાં ફેબ્રુઆરી માર્ચ મહિના સુધી જોવી પડતી રાહની આતુરતાનો અંત આવતા પ્રજાજનોએ અને પ્રજાના સેવકોએ જીલ્લા આયોજન અધિકારી સુરેન્દ્રસિંહ ડાભી ની સરાહના કરી રહ્યા છે.

## વડગામ તાલુકા પંચાયત કર્મચારી મંડળ તથા વડગામ કોન્ટ્રાક્ટર એસોસિયેશન દ્વારા સેવા કેમ્પ




વડગામ તાલુકાના જલોતરા ખાતે બનાસકાંઠાના ડી.ડી.ઓ.ના હસ્તે સેવા કેમ્પ નો પ્રારંભ કરાયો હતો. ભક્તિ શક્તિ અને પ્રકૃતિના ત્રિવેણી સંગમ એવા અંબાજી મેળાના પ્રારંભના દિવસે રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે મહામેળાનુ વિધિવત્ પ્રારંભ કરાવ્યો હતો. ત્યારે વડગામ તાલુકાપંચાયતના કર્મચારીઓ તથા કોન્ટ્રાક્ટર એશોશિયનના સહયોગથી જલોતરા ખાતે સેવાકેમ્પનો પ્રારંભ બનાસકાંઠા જીલ્લા વિકાસ અધિકારી અજય દહિયા ના હસ્તે વિધિવત્ રીતે પ્રારંભ કરાયો, આ સેવા કેમ્પ માં ‘માં અંબાના’ ભક્તો માટે ગાંઠીયા નો નાસ્તો તથા ચા પાણી તેમજ લોકોને આરામ માટે વિસામાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ સેવા કેમ્પ મા વડગામ તાલુકા વિકાસ અધિકારી એ.એચ. પરમાર, સેવાકેમ્પ ના મુખ્ય સંયોજક દાંતા તાલુકા પંચાયત અધિક મદદનિશ ઈજનેર ગોવિંદભાઈ ચૌધરી, વડગામ તાલુકાના તલાટી કમ મંત્રીઓ તથા તાલુકા પંચાયત તમામ કર્મચારીઓ તેમજ કોન્ટ્રાકટર લક્ષ્મણભાઈ પટેલ હમીરપુરા સહીત તમામ કોન્ટ્રાકટર મિત્રો શિક્ષકો તથા જલોતરા ના આગેવાનો તથા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા, આ સેવા કેમ્પ ના આયોજન મા જલોતરા ગ્રામ પંચાયત સરપંચ મંજુલાબેન માંગજીભાઈ ભીલ તથા તલાટી કમ મંત્રી પીંકીબેન મોર તથા પંચાયત સદસ્યો દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી.

## ખેડબ્રહ્મા તાલુકાના બેહેડીયાની શાળાના શિક્ષકને ફરજ પરથી મોકુફ કરાયા

ખેડબ્રહ્મા, તા. ૮

ખેડબ્રહ્મા તાલુકાની બેહેડીયા એક ૧ શાળાએ જતાં બાળકોને ચોમાસામાં જોખમનો સામનો કરવો પડે છે. પુલના અભાવે ડુબી જવાની સંભાવના બતાવવા આચાર્ય દ્વારા વિડીયો ઉતારી વાયરલ કરાયો હતો. જેની સામે તંત્રએ કડક બની તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરતાં પંથકમાં ચકચાર મચી ગઇ છે.

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના બેહેડીયા ગામ પાસે ધસમસતો પાણીનો પ્રવાહ પસાર થાય છે. ગામથી બહાર પ્રાથમિક શાળાએ જતાં આ પ્રવાહ ખેડવો પડે છે. હાલમાં ભારે વરસાદથી શાળાએ જતાં બાળકોને ડુબી જવાની સંભાવના છે. આથી ગામલોકો અને શિક્ષકો રસ્તો પસાર કરાવવા બાળકોને મદદ કરે છે. આથી ચોમાસામાં કાયમી સમસ્યા નિવારવા ત્યાં પુલની જરૂર છતાં તંત્ર બેદરકાર હોવાની ચર્ચા છે.

### આ વિડિયોને કારણે ઉભો થયો વિવાદ

આ દરમ્યાન ગત દિવસે શાળાના આચાર્ય શકાભાઈ પરમારે સમસ્યા જાહેર કરવા ભારે પ્રવાહમાંથી પસાર થતાં બાળકોનો વિડીયો લીધો હતો. આથી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મિતાબેન ગઢવીએ શાળાનાં આચાર્યની ગંભીર ભૂલ ગણી સસ્પેન્ડ કર્યા છે. જેનાથી પંથકના શિક્ષણ આલમમા હડકંપ મચી ગયો છે.

### બાળકોના જોખમ સામે નજરઅંદાજ કર્યો : ડીપીઇઓ

સમગ્ર મામલે ડીપીઈઓ મિતાબેન ગઢવીએ જણાવ્યું હતું કે, શાળાએ થોડું ફરીને જવા અન્ય રસ્તો છે. જોકે તેમ છતાં આચાર્યે બાળકોને જોખમ ખેડતાં રોક્યા નથી. આ સાથે વિડિયો લઈ બાળકોનો ભોગ લેવાશે તેવીગંભીર ટિપ્પણી કરી હતી. આથી હાલ સસ્પેન્ડ કરી આગામી દિવસોમાં વધુ તપાસ શરૂ થશે.

## ચિલોડા શ્રી સ્વામીનારાયણ પ્રાથમિક શાળા ખાતે શિક્ષક દિન ઉજવાયો

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં ૫મી સપ્ટેમ્બરના રોજ ચિલોડા સ્થિત શ્રી સ્વામીનારાયણ પ્રાથમિક શાળામાં શિક્ષકદિની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના બાળકોએ આચાર્ય, સુપરવાઈઝર, શિક્ષકો, કારકૂન અને સેવકભાઈઓની સંપૂર્ણ જવાબદારી સંભાળી સુંદર રસપૂર્વક શિક્ષણકાર્ય સાથે શાળાનું સંચાલન કર્યુ હતુ. અંતમાં વિદ્યાર્થીસભા કરી પોતાના અનુભવો રજૂ કર્યા હતા. કાર્યક્રમમાં ભાગ લીધેલા તમામ વિદ્યાર્થીઓને શાળા પરિવાર તરફથી મોમેન્ટો આપી સન્માનિત કર્યા હતા. શાળાના આચાર્ય માનસિંહભાઈ ચૌધરી, શાળા નિયામક પી.પી. પટેલે બાળકોને અભિનંદન પાઠવ્યા હતા.

## અતિતની આજ

● ચોથા પાનાનું ચાલુ

છે.સંયોગ તો જુઓ કે જે ઓપનહેમર અમેરિકાના ગૌરવનું પ્રતીક હતા એમણે હિરોશિમા અને નાગાસાકીની વિનાશલીલા પછી ૧૯૪૯માં અમેરિકી હાઈડ્રોજન બોમ્બની યોજનાનો વિરોધ કર્યો અને સરકારે એને હંગામી ધોરણે પડતી મૂકી ૧૯૫૨માં હાઈડ્રોજન બોમ્બનું પરીક્ષણ તો કર્યું,પણ ઓપનહેમર અમેરિકી સરકાર માટે અનિચ્છનીય વ્યક્તિ અને સુરક્ષા જોખમ બની ગયા. પ્રા.પટેલ કહે છે: “ભગવદ્ ગીતા અને અન્ય હિંદુ ગ્રંથો તરફના તેના પ્રેમને કારણે તેણે મેનહટન પ્રકલ્પના વડા તરીકે એટમબોમ્બના પ્રથમ પરીક્ષણ વખતના સ્થળ ટ્રિનિટી : ત્રિમૂર્તિની પસંદગી કરી એણે પણ સંયોગ જ કહેવાય.સર્જનહાર બ્રહ્મા,પાલનહાર વિષ્ણુ અને સંહારક શિવ એ બધાનો અહીં કેવો સંયોગ થયો કહેવાય!”

- haridesai@gmail.com

## ૩૦ને ઈજા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દર્દીઓ વધુ આવતા નીચે પથારી કરી દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ત્યારબાદ દર્દીઓને ૮ માં માળે તેમજ અન્ય ખાસ વોર્ડ ઉભો કરીને ત્યાં રાખવામાં આવ્યા હતા. જયારે બનાવની જાણ થતા હોસ્પિટલના આરએમઓ ડો.રાજેન્દ્ર ચૌહાણ, ડો.કલ્પેશ પરીખ આવી પહોંચ્યા હતા અને ઓર્થોપેડીક, ફીઝીશીયન સહિતના જરુરી ડોક્ટરને બોલાવી લેવાયા હતા. જયારે નર્સિંગના સુપ્રિટેન્ડન્ટ જાગૃતિબેન, એએનએસ પુષ્પાબેન સહિત નર્સિંગ સ્ટાફના કર્મચારીઓ દોડી આવ્યા હતા. જયારે આ દરમિયાન સારવાર માટે એક સ્થળે થી બીજા સ્થળે લઈ જવા માટે વર્ગ-૪ ના કર્મચારીઓ ખડેપગે હાજર રહ્યા હતા. ચરાડાના દર્દીઓને ગાંધીનગર સિવિલ લઈ ગયાની જાણ થતા સિવિલમાં ઘાયલોના પરિવારજનો અને સગા સંબંધીઓ મોટીસંખ્યામાં ઉમટી પડ્યા હતા.

## વિક્રમનું લોકેશન

● અનુસંધાન પહેલાનું ચાલુ

ત્રણ દિવસની અંદર વિક્રમ ક્યાં છે અને કઈ સ્થિતિમાં છે તે અંગેની માહિતી મળી જશે. ઈસરોના વરિષ્ઠ વૈજ્ઞાનિકોએ પહેલાથી જ કહ્યું હતું કે, ત્રણ દિવસમાં જ લેન્ડર વિક્રમના સંદર્ભમાં માહિતી મળી જશે. લેન્ડર સાથે જે સમયે સંપર્ક તુટી ગયો હતો તે જગ્યા પર ઓર્બીટરને પહોંચવામાં ત્રણ દિવસનો સમય લાગી શકે છે જેથી ત્રણ દિવસનો સમય લેવામાં આવ્યો હતો. લેન્ડિંગ સ્થળ અંગે માહિતી મળી ગઈ છે. છેલ્લી ક્ષણોમાં લેન્ડર વિક્રમ પોતાના રસ્તાથી ભટકી જતાં આને લઈને સંપર્ક ખોરવાઈ ગયો હતો જેથી સૌથી પહેલા ઓર્બીટરના ત્રણ સાધનો સિન્થેટિક અપરચર રડાર, આઈઆર સ્પેક્ટ્રોમીટર અને કેમેરાની મદદથી ૧૦ કિલોમીટરના વિસ્તારમાં તપાસ કરવાની જરૂર હજુ પણ દેખાઈ રહી છે. વિક્રમ અંગે માહિતી મેળવવા માટે એ વિસ્તારમાં હાઈ રેજ્યુલેશનવાળા ફોટા લેવાની જરૂર દેખાઈ રહી છે. ઓર્બીટરની વય સાડા સાત વર્ષની છે અને તે ખુબ જ ઉપયોગી સાબિત થનાર છે. સાત વર્ષની અવધિ તેની રહેલી છે. આનું કારણ એ છે કે, તેની પાસે ખુબ વધારે પ્રમાણમાં ફ્યુઅલ છે. ઓર્બીટર ઉપર મુકવામાં આવેલા સાધનો મારફતે લેન્ડર વિક્રમ મળવાની શક્યતા દેખાઈ રહી છે તેની ભાળ મળી ગયા બાદ એક નવી આશા જાગી છે. ભારતના ચંદ્રયાન-૨ મિશનને શનિવારે વહેલી પરોઢે એ વખતે મોટો ફટકો પડ્યો હતો જ્યારે ચંદ્રની સપાટીથી માત્ર બે કિલોમીટરના અંતરે લેન્ડર વિક્રમનો સંપર્ક તુટી ગયો હતો. ઈસરોના એક અધિકારીએ નિવેદનમાં કહ્યું છે કે, વિક્રમ ઉતરી રહ્યું હતુ અને લક્ષ્યથી ૨.૧ કિલોમીટરના અંતરે હતુ ત્યારે સંપર્ક તુટી જતાં ભારે સસ્પેન્સની સ્થિતિ સર્જાઈ ગઈ હતી. ત્યારબાદથી લેન્ડરના કોઇ સંપર્ક થઈ શક્યા નથી. આજે ઈસરોના વડા કે શિવાને માહિતી આપતા કહ્યું હતું કે, વિક્રમ લેન્ડરની ઈમેજ અમને હાથ લાગી છે. આ માહિતી હાથ લાગ્યા બાદ મૂળ ઉપર વિક્રમના ઉતરાણ અથવા તો ક્રેસ લેન્ડિંગના સંદર્ભમાં માહિતી મળી શકશે. ચંદ્રની સપાટી ઉપર વાસ્તવિક સ્થળથી ચાર પાખીય તપાસની ઈમેજ હાથ લાગી છે. હવે વિક્રમ ઉતરાણ વેળા સોફ્ટ લેન્ડિંગ કરવામાં સફળ રહ્યું હતું કે પછી તેની ક્રેસ લેન્ડિંગ થઈ છે તેને લઈને તપાસ ચાલી રહી છે. ચંદ્રયાનના જાણકાર લોકો પહેલાથી જ માની રહ્યા છે કે, આ મિશન ૯૫ ટકા સુધી સફળ રહ્યું છે.

## મૂન મિશન

● અનુસંધાન પહેલાનું ચાલુ

તમે અમને તમારી મુસાફરીથી પ્રેરિત કર્યા છે અને આશા કરીએ છીએ કે ભવિષ્યમાં આપણને સૂર્યમંડળમાં મળીને કામ કરવાની તક મળશે.’’ યુનાઈટેડ આરબ અમીરાતની સ્પેસ એજન્સીએ ટ્વીટ કરીને કહ્યું કે, ચંદ્રયાન ૨ના લેન્ડર વિક્રમ, કે જેણે ચંદ્ર પર લેન્ડ કરવાનું હતું, તેનાથી સંપર્ક તૂટ્યા બાદ અમે ઈસરોને અમારા પૂરેપૂરા સહયોગનું આશ્વાસન આપીએ છીએ. ભારતે પોતાને સ્પેસ સેક્ટરની મહત્વની તાકાત સાબિત કરી છે અને તેના વિકાસ અને ઉપલબ્ધિમાં ભાગીદાર છે.’’

ઓસ્ટ્રેલિયાની સ્પેસ એજન્સીએ ટ્વીટ કરીને કહ્યું કે લેન્ડર વિક્રમ, ચંદ્રમાં પર પોતાના મિશનને સાકાર કરવામાં થોડા કિમી જ દૂર હતું. ઈસરો અમે તમારા પ્રયત્નો અને અંતરિક્ષમાં મુસાફરી ચાલુ રાખવાની તમારી પ્રતિબદ્ધતાને બિરદાવીએ છીએ. દુનિયાભરના અંતરિક્ષ સમર્થકો અને શોધકર્તાઓએ શનિવારે ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંગઠન (ઈસરો) અને તેના ૧૬,૦૦૦થી વધુ વૈજ્ઞાનિકો દ્વારા ભારતના ચંદ્ર મિશનને લગભગ પૂરું કરવાના પ્રયત્નોના વખાણ કર્યાં. અત્રે જણાવવાનું કે ચંદ્રયાન-૨નું લેન્ડર વિક્રમ ચંદ્રમાની સપાટી પર ઉતરવાના ૨.૧ કિમી પહેલા જ ઈસરો સાથે તેનો સંપર્ક તૂટી ગયો હતો. જો કે ૨૩૭૯ કિગ્રાનું ઓર્બિટર ચંદ્રમાની ચારેબાજુ ચક્કર મારી રહ્યું છે.

## ઈસરો સ્પિરીટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

માટે કોઈ કિંમતે તૈયાર નથી. સફળતા અને નિષ્ફળતાના અર્થ ૧૦૦ સેકન્ડમાં બદલાઈ ગયા છે. સવા સો કરોડ દેશવાસીઓના મૂડે તેમને વધારે તાકાત આપી છે. પોતાની સરકારની સિદ્ધિઓની વાત કરતા કહ્યું હતું કે, આતંકવાદ અને મુસ્લિમ બહેનો માટે ૧૦૦ દિવસમાં કાનૂન બનાવવામાં આવ્યા છે. એનડીએ સરકારના ૧૦૦ દિવસ વિકાસ અને પરિવર્તનના રહ્યા છે. ૧૦૦ દિવસ નિર્ણય, નિષ્ઠા અને સ્વચ્છ ઈરાદાના રહ્યા છે. છેલ્લા ૧૦૦ દિવસમાં દુનિયાના લોકો જોઈ ચુક્યા છે કે, દશકો જુના પડકાર હોય કે પછી આજના પડકાર હોય ભારત હવે દરેક પડકારને સીધીરીતે પડકાર ફેંકે છે અને જમ્મુ કાશ્મીર અને લડાખના લોકોની અપેક્ષાઓને પૂર્ણ કરવામાં લાગી ગયા છીએ. હરિયાણામાં સાત લાખ ગરીબ પરિવારોને ગેસ કનેક્શન આપી દેવામાં આવ્યા છે. વડાપ્રધાને એમ પણ કહ્યું હતું કે, આ વખતે સંસદના સત્રમાં જેટલા બિલ પાસ થયા છે. જેટલું કામ થયું છે તેટલું કામ સંસદના કોઈપણ સત્રમાં છેલ્લા છ દશકમાં થયું નથી. મોડી રાત સુધી બેસીને સાંસદો દ્વારા નવા કાયદા પર ચર્ચા કરવામાં આવી છે.

અભૂતપૂર્વ વિશ્વાસની તાકાત ઉપર જ કૃષિથી લઈને દેશની સુરક્ષા સાથે જોડાયેલા મોટા મોટા નિર્ણયો સરકાર કરી રહી છે. ખેડૂતોના હિતમાં પણ આવા અનેક નિર્ણયો કરવામાં આવી રહ્યા છે જેના આધાર પર ૨૦૨૨ સુધી આવક બે ગણી કરી શકાશે.